કાન્તિ ભટ્ટ

## સદ્‌ગુણોનો અભાવ હોય તો બ્યુટીને શું ધોઇ પીવી છે ?

જુલિયન રોબિન્સન નામની વિદ્વાન લેખિકાએ એક કડવું સત્ય કહેલું, ‘બ્યુટી ઇઝ નોટ ટ્રુથ બટ ઇટ ઇઝ આર્ટફુલ કન્સીલમેન્ટ...’ અર્થાત્ સ્ત્રીનું સૌંદર્ય એ સ્ત્રીના અંદરના ચારિત્ર્યનું દ્યોતક નથી. સૌંદર્ય અંતિમ સત્ય નથી પણ મહદ્‌અંશે અંદરની વિરૂપતા સંતાડવાનું સાધન છે. સૌંદર્ય અંદરનું ય હોઇ શકે છે. છ વર્ષ પહેલાં વિખ્યાત લેખક સલમાન રશદીએ અત્યંત સ્વરૂપવાન અને ભારતસુંદરી પદ્મલક્ષ્મી સાથેનો પ્રેમસંબંધ તોડી નાખ્યો ત્યારે સલમાન રશદીએ કારણમાં જણાવ્યું કે પદ્મા ઇન્ટેલેકચ્યુઅલી ચેલેન્જિંગ નહોતી ! તાત્પર્ય કે બહારથી અતિસુંદર એવી પદ્મા બુદ્ધિમાં ઢમઢોલ હતી. એનું આ વિધાન પદ્મા માટે અન્યાયકારી હોઇ શકે પણ જુલિયન રોબિન્સન સલમાન રશદી અને આપણા ગુજરાતી કુટુંબના ગલઢેરાઓ કન્યા પસંદ કરતી વખતે કહેતા કે રૂપને શું ધોઇ પીવું છે ? ભલે ગોરી હોય તો ગોરા છોકરા જણે પણ ચૂલો પેટાવીને ખીચડીનું આંધણ મૂકી શકે, વાસીદું કરે, પાણિયારું ધૂએ, રસોઇ કરે અને પતિ,સસરા,સાસુ,નણંદોને સંભાળે એવી વહુ જ જોઇએ. આ સુંદરતાની વાત એટલે લખું છું કે તાજેતરમાં મહારાણી ગાયત્રીદેવી અને ફિલ્મ લીલા નાયડુનાં મરણ થયાં ત્યારે ધોકો ને ધડકી લઇને અંગ્રેજી અખબારો તેમ જ ટીવીવાળાએ ‘મોસ્ટ બ્યુટૂફુલ લેડીઝ ઇન ધ વર્લ્ડ’ના મથાળા આપેલા. ગાયત્રીદેવી રાજકારણ અને સ્ત્રીશિક્ષણમાં કેટલા બાહોશ હતાં તેનું મથાળું અપાયું નહીં, આ ખરેખર ગાયત્રીદેવીનું અપમાન છે, અન્યાય છે.

આ લેખ લખવાનું બીજું પ્રેરકબળ ૨૬-૭-૦૯ના રોજ બ્રિટનના વિજ્ઞાનીઓએ એક ધડાકો કર્યો કે ‘વીમેન આર ગેટિંગ મોર બ્યુટીફુલ’ અર્થાત્ આજકાલ વધુ ને વધુ બ્યુટીફુલ છોકરીઓ જન્મે છે અને તેથી આજે સુંદર સ્ત્રીઓની સંખ્યા જગતમાં વધતી જાય છે. વેરી ગુડ ! ફિનલેન્ડના હેલીસિંકી શહેરની યુનિવર્સિટીના ડૉ.માર્કસ હોકેલાએ અમેરિકામાં જઇ ૧૨૪૪ જેટલી સ્ત્રીઓનો અને ૯૯૭ પુરુષોનો ડેટા ભેગા કર્યો. છેલ્લાં ૪૦ વર્ષમાં એ ટ્રેન્ડ દેખાયો છે કે પહેલાં કરતાં જગતભરમાં સ્ત્રીઓ દીકરીઓ જણે છે તે વધુ ને વધુ સુંદર થતી જાય છે. પુરુષો એવાને એવા ‘ઢગા’(દેખાવમાં) રહી ગયા છે અને આવા પુરુષોને કોણ જાણે રૂપાળી સ્ત્રી પ્રથમ નજરે ખપે છે પણ પછી ગુણ ન જોયા હોય અને આખી દુનિયાનું સર્વેક્ષણ આ કહેતું હોય કે અંદરનું સૌંદર્ય મહત્ત્વનું છે તેમ ઉપરછલ્લી રીતે ઢોલ પીટીને સમાજશાસ્ત્રી કહે છે પણ દરેક પુરુષને રૂપાળી પ્રેમિકા કે પત્ની જ ખપે છે.

આ બાબતમાં હાલમાં અમેરિકા અને જર્મની જઇ આવેલા અને ત્યાં ૨૦ વર્ષથી પ્રેક્ટિસ કરનારા ડૉ. પંકજ નરમે કહ્યું કે અમેરિકામાં હવે સ્ત્રીઓ પોતે પણ પોતાની બ્યુટીને મહત્ત્વ આપતી નથી. હવે તો ૨૫ વર્ષના જર્મન પુરુષ ૩૫ કે ૪૦ વર્ષની સ્ત્રીને પસંદ કરે છે. કારણ કે તેમને સ્ટેબલ મેરેજ જોઇએ છે. એક જમાનામાં મોટી બ્રેસ્ટવાળી સ્ત્રી ખપતી-સેક્સ અપીલવાળી સ્ત્રી જોઇતી હતી પણ હવે માયાળુ, કલ્ચરલ-વુમન અને લગ્નમાં કમિટમેન્ટવાળી સ્ત્રી જોઇએ છે. અમેરિકનો કહે છે ‘અમને ફર્નિચર નહીં, અમને વહાલ અને વફાદારી ખપે છે-લાગણી જોઇએ છે.’ આવું જ સ્ત્રીઓનું છે. વૈદ્ય પાસે આવતી છોકરીઓ કહે છે કે હું બોલબોલ કરું તે સાંભળે તેવો પતિ જોઇએ. પતિને બાહ્ય સૌંદર્યથી આકર્ષવા હવે હું બોટોક્સ, કોસ્મેટિક્સ કે કોઇ પ્રસાધનો વાપરવા તૈયાર નથી. આજે તો સ્ત્રીઓ ઘણી ભણી છે. પુરુષો કરતાં વધુ વાંચે છે એટલે તેને પોતાના જેટલો બુદ્ધિશાળી પતિ ખપે છે. ભલે મોટી ઉંમરનો હોય કે થોડો ઓછો રૂપાળો હોય પણ માયાળુ પુરુષ જોઇએ. ભારતના ભાયડાઓ ! તમે આ વાત સાંભળો. રૂપ પાછળ જ ગાંડા ન થાઓ.

આમ છતાં સૌંદર્યનું મહત્ત્વ તો છે જ. એટલે એ વાસ્તવિક્તાને અનુરૂપ ગર્ભવતી સ્ત્રીએ સુંદર બાળક જણવું હોય તો શું કરવું ? તો ડૉક્ટરે કહ્યું કે ગર્ભવતી હોય ત્યારે નિયમિત નાળિયેરનું પાણી પીવું. ત્રણ બદામ, ત્રણ એલચી અને વરિયાળીને વાટીને-પલાળીને સવારે પીવાં. ગાયનું ઘી જ વાપરવું. જંકફૂડ ન ખાવા અને ગંદી ફિલ્મો ન જોવી. સાથે સવારે એક ચમચી હળદરનો ભૂકો રોજ ખાવો. તો સુંદર બાળક જન્મે છે. વળી સુંદર સ્ત્રી તો પુત્રીને જ જન્મ આપે છે તેમ એ વધુ ફળદ્રુપ હોય છે.

ઝવેરચંદ મેઘાણીના એક કાવ્યમાં પ્રેયસીને સંબોધીને એક પ્રેમી કહે છે તારે કોઇ મેકઅપ કરવાની જરૂર નથી. 'તું જેમ છો તેમ જ આવ ચાલી/ શોભા ઠઠારા સબ છોડ ખાલી.' પણ મેઘાણીનો આ પ્રેમી કોઇ અનોખો હોવો જોઇએ. બધા જ કવિઓ, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓને સુંદરમાં સુંદર પત્ની જ જોઇએ છે અરે મને યાદ છે કે મૂળજી જેઠા માર્કેટનો કાપડનો નાો વેપારી પણ ભૂલેશ્વરમાં રહેતી તેની પત્નીને કહી રાખે કે હું સાંજે દુકાનેથી આવું ત્યારે તું બિલકુલ રૂડીરૂપાળી દેખાવી જોઇએ. તેં રસોઇ કરેલો, હળદર ધાણાજીરુંની વાસ આવતો સાડલો પહેર્યો ન હોવો જોઇએ. ત્યારે તો લાંબા વાળવાળી 'બાયડી' જ ખપતી.

માર્ટિન લ્યુથર કિંગ જેવા અમેરિકન કાળા લોકોના નેતાને લાંબા વાળવાળી સ્ત્રી ગમતી. એડમન્ડ બર્ક જેમણે ભારતમાં કૌભાંડ કરનારા વોરન હેસ્ટિંગ્ઝ પર કામ ચલાવેલું તેને તો પાતળી કમરવાળી પ્રિયંકા ચોપરા જેવી સ્ત્રી ગમતી. જર્મન કવિ ગેટે પોતે સૂકલકડી હતા પણ તેને ભરાવદાર સ્તનવાળી સ્ત્રી ગમતી. પપુઆ ટાપુના લોકોને લાંબા નાકવાળી સ્ત્રી ગમતી. મુંબઇમાં રાજસ્થાની બ્રાહ્મણ માતાના કૉલેજ જતા પુત્રની ગુજરાતી પ્રેમિકાને દીકરો પરણે તે પહેલાં જાણે તેણે એ હીરાવાળાની સુંદર કન્યાને સાડી પહેરીને ચાલી બતાવવા કહ્યું તો રાજસ્થાની માતાને તે કન્યાની ચાલ અને પગની પાનીઓ ન ગમી એટલે રિજેક્ટ કરેલી! પોલિનેશિયાના પુરુષોને ઝવેરચંદ મેઘાણીનું મૂલ્યાંકન મંજૂર હતું. સ્ત્રીનો દેખાવ નહીં, તે ઘરકામમાં કુશળ અને સંખ્યાબંધ છોકરા જણી નાખે તેવી હોવી જોઇએ.

લીલા નાયડુએ બે લગ્નો કર્યા પણ ખાનદાન કુટુંબના મોહનસિંઘ ઓબેરોય (ઓબેરોય હૉટેલના સ્થાપક) ના પુત્ર તિલકરાજ ઓબેરોય સાથે તેને ફાવ્યું નહીં. આમાં તિલકરાજનો વાંક હતો કે લીલા નાયડુના વધુ પડતા સૌંદર્યનો વાંક હતો તે ભગવાન જાણે. તે પછી લીલા નાયડુ-ધ મોસ્ટ બ્યુટીપુલ વુમન ઑફ ઈન્ડિયા-ગોવાના કવિ ડોમ પોરેસને પરણી પણ તેની સાથેય ફવ્યું નહીં અને...અને...મહાન ફિલસૂફ જે. કૃષ્ણમૂર્તિના 'પ્રેમમાં' પડી. એ પ્રેમ એક વાલી પ્રત્યેના પ્રેમ જેવો હતો તેમ કહેતી. ૬૯ની ઉંમર સ્ત્રી માટે મરવાની ઉંમર નથી. લીલા નાયડુને તેનું સૌંદર્ય જ જાણે દુશ્મન હોય તેમ 'વહેલું' મરણ આવ્યું. તે હિસાબે અખબારોએ અને 'વોગ' મેગેઝિને છાપરે ચઢાવેલા બ્યુટીવાળા ગાયત્રીદેવી તો ૯૦ વર્ષ જીવ્યાં. તેમણે સૌંદર્યને બરાબર જીરવ્યું અને પતિના મરણ પછી તેને સૌંદર્ય કરતાં બુદ્ધિ અને માનવતા વધુ કામ લાગેલા.

લંડન 'ટાઇમ્સ' ના સાયન્સ એડિટરની વાત આપણે ફરીથી ઉપાડીએ તો હેલીસિંકી યુનિવર્સિટીના વિજ્ઞાનીઓને લાગ્યું કે કે સ્ત્રી વધુ ને વધુ બ્યુટીફુલ થતી જાય છે તેને લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સના ડૉ. સંતોષી કાનાઝાવાનું પણ અનુમોદન હતું. લંડનના વિજ્ઞાનીઓએ જણાવ્યું કે માનવ વિકાસના નિયમ પ્રમાણે સ્ત્રી-પુરુષ બંને સુંદર હોય તો સુંદર પુત્રી અવતરે છે. અમેરિકન સરકારને પણ આ બ્યુટીની વાતમાં રસ પડ્યો. 'લોન્જિટ્યુડલ સ્ટડી ઑફ એડોલસન્ટ હેલ્થ' ના કાર્યક્રમ હેઠળ ૧૫૦૦૦ અમેરિકનોનો સર્વે કરાયો તો માલૂમ પડ્યું કે છેલ્લાં થોડાંક વર્ષોથી સ્ત્રીઓ વધુ ને વધુ રૂપાળી માલૂમ પડી છે. બીજી બાજુ હેલીસિંકી(ફિનલેન્ડ)ના વિજ્ઞાનીઓ કહે છે કે હેન્ડસમ પુરુષો કાંઇ બહુ સક્સેફુલ હોતા નથી. સુંદર માતાની પુત્રી સુંદર જ હોય છે તેવું આશ્વાસન હવે આજની સ્ત્રીને વિજ્ઞાનીઓ તરફથી મળે છે.

'લંડન ટાઇમ્સ'માં આ સમાચારો રવિવાર ૨૬-૭-૦૯ના છપાયા પછી યુરોપમાં બ્રેકફાસ્ટ ટેબલ ઉપર તેની બહુ ચર્ચા થાય છે અને ૨૧મી સદીમાંય બ્યુટીની વધુ કિંમત થતાં હવે આયુર્વેદના ઉપચાર અને વેદના કહેવા પ્રમાણેનાં ખાનપાન તરફ સ્ત્રી વળી છે. એપ્રિલ-૨૦૦૯માં એન્જેલીના જોલી નામની સુંદરી 'મોસ્ટ બ્યુટીફુલ વુમન ઇન ધ વર્લ્ડ' જાહેર થયેલી. વારંવાર આ એન્જેલીના મોડલ મટી ગઇ અને ગૃહિણિ બની ત્યારે પણ સતત મોસ્ટ બ્યુટીફુલ વુમન ઇન ધ વર્લ્ડ રહી પણ તેણે કેટલાક રૂઢિવાળા સમાજશાસ્ત્રીને ખોટા પાડ્યા. તે સુંદરી ઉત્તમ ગૃહિણી છે ઉત્તમ માતા છે અને શ્રેષ્ઠ આજ્ઞાંકિત પત્ની છે. તેણે આજ્ઞાંકિત થઇને પતિને આજ્ઞાંકિત બનાવ્યો છે. વાચકો! આખરે તમે શું નક્કી કરો છો। રિયલ વર્લ્ડમાં તો આખરે પુરુષને પ્રેમાળ, આનંદી, બાળક જેવી, માયાળુ, શરમાળ, સોફ્ટ સ્પોકન અને જીદ કરવાને બદલે નમી જાય તેવી સ્ત્રી ગમે છે અને સ્ત્રીને આક્રમક, મહત્ત્વાસાંક્ષી, ફોર્સફુલ અને દેખાવડો ન હોય તોપણ અંદરથી સ્ટ્રૉંગ પર્સનાલિટીવાળો અને ડોમિનન્ટ પુરુષ ગમે છે! સાચું?